# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date :** 02-02-2023 **Evening :** 7.10pm to 7.20pm

**Day :** ગુરૂવાર **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **અમિતા વાંઝા** વાંચે છે.

---

- **જળજીવન મિશન હેઠળ રાજયમાં 2024 સુધીમાં તમામ ઘરમાં નળ દ્વારા પીવાનું પાણી અપાશે.**

- G.E.B. દ્વારા પાંચ જીલ્લાઓમાં દરોડા પાડીને પોણા ત્રણ કરોડ રૂપિયાની વીજચોરી પકડવામાં આવી.

- ગુજરાત ટેકનોલોજી યુનિવર્સીટીનો પદવીદાન સમારોહ યોજાયો. 48 હજાર ઉપરાંત વિદ્યાર્થીઓને પદવી એનાયત.

- આંતરરાષ્ટ્રીટેય જળપ્લાવિત ભૂમિ દિવસની રાજયનાં ચાર રામસર સ્થળો પર ઉજવણી.

- અખિલ ભારતીય ફોરેન્સિક સાયન્સ પરિષદનો ગાંધીનગરમાં આરંભ.

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# જળજીવન મિશન

જળજીવન મિશન હેઠળ રાજ્યમાં ૨૦૨૪ સુધીમાં તમામ ઘરમાં નળ દ્વારા પાણી અપાશે. હાલ દેશમાં અગિયાર કરોડ પાંચ લાખ ગ્રામીણ પરિવારોના ઘરમાં નળ દ્વારા પાણીનો પુરવઠો મળી રહ્યો છે. જળશક્તિ રાજ્યમંત્રી પ્રહલાદસિંહ પટેલે જણાવ્યું કે સરકાર 2024 સુધીમાં દેશના દરેક ગ્રામીણ ઘરમાં નળ દ્વારા પાણીનું જોડાણ આપવા માટે જળજીવન મિશનનો અમલ કરી રહી છે.

આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં શ્રી પટેલે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે , જળજીવન મિશનની જાહેરાત સમયે , ત્રણ કરોડ 23 લાખ ગ્રામીણ પરિવારોના ઘરમાં નળ દ્વારા પાણીના જોડાણ હતાં. હવે અત્યાર સુધીમાં વધુ સાત કરોડ 81 લાખ ગ્રામીણ પરિવારોને નળ મારફતે પાણીનાં જોડાણો આપવામાં આવ્યાં છે.

# વીજચોરી

રાજયમાં આજે જી.ઇ.બી. એ પાડેલા દરોડામાં અંદાજે પોણા ત્રણ કરોડથી વધુની વીજચોરી જોડાણ ઝડપાયું છે.

મળતી માહિતી મુજબ આજે દાહોદ, દેવભૂમિ દ્વારકા, રાજકોટ ગ્રામ્ય, સુરેન્દ્રનગર અને પાલનપુરના અલગ અલગ સ્થળોએ 157 જેટલી જી.ઇ.બી. ની ટીમોએ તપાસ હાથ ધરાઇ હતી.

જી.ઇ.બી.ની ટીમો સાથે 88 જેટલા પોલીસ જવાનો પણ બંદોબસ્તમાં જોડાયા હતા. 2 હજાર 195 વીજ જોડાણોની તપાસ કરવામાં આવી છે.

જેમાં 404 જેટલા ગેરરીતી કરાયેલ વીજજોડાણ ઝડપાયા છે.

## GTU

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનો પદવીદાન સમારંભ અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે યોજાઈ ગયો.

આ સમારોહમાં કુલાધિપતિ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત , ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલ અને શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાના હસ્તે પદવી અને સુવર્ણપદક એનાયત કરાયા હતા.

જેમાં 148 વિદ્યાર્થીઓ એક સ્ટાર્ટઅપ કર્તાને ગોલ્ડ મેડલ, 41 પી.એચ.ડી. સહિતના 48 હજાર 882 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઇ.

આ પ્રસંગે રાજ્યપાલે જણાવ્યું કે ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી એ પરિપૂર્ણ વ્યક્તિને સંપૂર્ણ માનવ બનાવવાની દિશામાં પ્રયત્નશીલ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીની સાથે ગત વર્ષથી આ GTU ભારતીય સંસ્કૃતિ, ભારતીય દર્શન, પ્રાચીન ભારતીય જ્ઞાન , વેદ, પુરાણ અને ઉપનિષદના 12 અભ્યાસક્રમ શરૂ કર્યા છે.

આ પ્રસંગે ઉચ્ચ અને તકનીકી શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, પાંચ ટ્રીલીયન અર્થતંત્રના લક્ષ્યને હાંલસ કરવા માટે ટેકનોલોજી આધારિત સંશોધન વર્તમાન સમયની જરૂરિયાત છે.

ભારતમાં યોજાઇ રહેલી G-20માં વિદ્યાર્થીઓને પોતાનું યોગદાન આપવા મંત્રીશ્રી પટેલે જણાવ્યું હતું

આ કાર્યક્રમમાં શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરી યાએ પદવી મેળવેલા યુવાનોને 2047 સુધીમાં આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા કરીને ટેકનોલોજી અને નવીનતમ સંશોધનની નિકાસ કરશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

# વિશ્વ જળપ્લાવિત ભૂમિ દિવસ

આજે વિશ્વ જળપ્લાવિત ભૂમિ દિવસ છે.

આજના દિવસે 1971માં ઇરાનના રામસર શહેરમાં જળપ્લાવિત ભૂમિના સંરક્ષણ અને વિકાસ અંગે યોજાયેલી પરિષદમાં વિશ્વના મહત્વના જળપ્લાવિત વિસ્તારોને રામસર સાઇટ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

રાજયમાં આવેલી ચાર રામસર સાઇટ-નળ સરોવર, થોળ અભ્યારણ્ય, વઢવાણા તેમજ ખીજડીયા અભ્યારણ્ય ખાતે વિશ્વ જળપ્લાવિત દિવસની ઉજવણી કરવામા આવી.

નળ સરોવર ખાતે આજે થયેલી ઉજવણી અંગે વધુ માહિતી આપતા અમદાવાદ જીલ્લા વન સંરક્ષક પી. પુરુષોત્તમે આ મુજબ જણાવ્યું.

(બાઇટ-પી. પુરુષોત્તમ)

# જળપ્લાવિત જીલ્લાવાર

વિશ્વ જળપ્લાવિત દિવસ નિમિત્તે આજે ખેડા જીલ્લાના માતરના પરીએજ સરોવર ખાતે દેશનો પ્રથમ સારસ  ક્રેન ફેસ્ટીવલ યોજાયો હતો.

ખેડા જીલ્લા કલેકટરની  અધ્યક્ષતામાં યોજાયેલા આ ફેસ્ટીવલમાં તેમણે જણાવ્યું કે ગુજરાત જેમ સિંહ માટે જાણીતું છે તેમજ ગુજરાતનો ખેડા જીલ્લો સારસ પક્ષીઓ માટે જાણીતો છે. ભારતમાં હવે આ સારસ

પક્ષીઓની સંખ્યા 10 થી 15 ટકા રહી છે. જેથી આ પક્ષીના પ્રજાતિના સંવર્ધન પર ખેડા જીલ્લા કલેકટરે ભાર મૂકયો હતો.

દીવમાં વિશ્વ વેટલેન્ડ દિવસની ઉજવણી નિમિતે આજે દીવના ફૂદમ સ્થિત પક્ષી વિહારણ ખાતે દીવ ગેલેક્સી શાળાના વિદ્યાર્થીઓએ મેનગ્રુવના છોડ નું રોપણ કર્યુ હતું..

## આંતરરાષ્ટ્રીય વેટલૅન્ડ દિવસ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આંતરરાષ્ટ્રીય જળપ્લાવિત વિસ્તાર દિવસ નિમિત્તે ગુજરાતના વેટલેન્ડ પર નિર્મિત ફિલ્મનું લોકાપર્ણ કર્યું.

જાણીતા સંગીતકાર રૂપકુમાર રાઠોડ દ્વારા સંગીત અને સ્વરબદ્ધ કરાયેલી આ ફિલ્મમાં ગુજરાતના સમૃદ્ધ વેટલેન્ડને પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

ગુજરાતની ચારેય રામસર સાઇટ્સ અને કચ્છનાં છારીઢંઢ જેવા વિસ્તારમાં મહેમાન બનતા પક્ષીઓ અને ગુજરાતનાં સમૃદ્ધ વેટલેન્ડ્સને એક નાનકડી સંગીતમય ફિલ્મમાં દર્શાવવા બદલ મુખ્યમંત્રીએ રૂપકુમાર રાઠોડને અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ પક્ષીઓની  તસવીરો રજૂ કરતી એક ' કોફી ટેબલ' બુકનું વિમોચન પણ કર્યું  હતું.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો.**

# ઓલ ઈન્ડિયા ફોરેન્સિક સાયન્સ કોન્ફરન્સ

ગાંધીનગરની  નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ખાતેત્રી -દિવસીય  25મી ઓલ ઈન્ડિયા ફોરેન્સિક સાયન્સ કોન્ફરન્સ   નો આજથી આરંભ થયો છે . રાષ્ટ્રીય માનવધિકાર પંચના અધ્યક્ષ ન્યાયાધીશ અરૂણ કુમાર મિશ્રાએ આ પરિષદને ખુલ્લી મૂકી.

આ પ્રસંગે  નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. જે.એમ. વ્યાસે જણાવ્યું કે આ  પરિષદમાં ગુનાહિત પ્રવૃતિ સામેની ન્યાય પ્રક્રિયાને ઝડપી બનાવવા માટેના તમામ   મુદ્દાઓ અને સમસ્યાઓ વિશે ચર્ચા કરાશે. ફોરેન્સિક તપાસ સહિત ગુનાની તપાસની વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિશે  તેમજ  ગુનાની તપાસને    ઓછી ખર્ચાળ બનાવવા અંગે પણ

વિચારવિમર્શ કરાશે. ફોરેન્સિક સાયન્સ સંબંધિત સાધનો અને ટેક્નોલોજીના ઉત્પાદનમાં રસ ધરાવતી કંપનીઓની ઓળખ કરી એક મંચ ઉપર લાવવા માટે પણ પરિષદમાં પ્રયાસ થશે.

## મુખ્યમંત્રી-ભૂપેન્દ્ર પટેલ-અડાલજ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે આધ્યત્મિકતા અને ધર્મનું અનુશાસન જોડાય છે ત્યારે વિકાસના નવા પરિણામો સર્જાય છે.

રામકૃષ્ણ મિશન રાજકોટ દ્વારા યોજાયેલી ગુજરાત તીર્થ યાત્રા આજે ગાંધીનગર પહોંચતા સંન્યાસીઓ સાથે અડાલજ ત્રિમંદિર ખાતે મુખ્યમંત્રીએ સંવાદ કરતાં આ મુજબ જણાવ્યું હતું.

આ પ્રસંગે રામકૃષ્ણ આશ્રમ રાજકોટના નિખિલેશ્વરાનંદજીએ જણાવ્યું હતું કે, યાત્રામાં ૨૦ રાજયો તેમજ બાંગ્લાદેશ તથા નેપાળથી આવેલા સંન્યાસીઓ સહિત કુલ ૧૨૫ સંન્યાસીઓ જોડાયા છે.

સ્વામી વિવેકાનંદે ગુજરાતમાં જે સ્થળોની મુલાકાત લીધી તે સ્થળોની આ તીર્થયાત્રા દરમિયાન સંન્યાસીઓ મુલાકાત લેશે.

# અકસ્માત

રાજયમાં થયેલા બે જુદા જુદા અકસ્માતમાં કુલ ત્રણ વ્યકિતઓના મોત નીપજયા છે.

જામનગરથી નડિયાદ લગ્ન પ્રસંગમાં જઇ રહેલા એક પરિવાર ની કારને ચોટીલા હાઇવે ઉપર અકસ્માત નડતા બે વ્યક્તિના ઘટના સ્થળે જ મૃત્યુ થયા જ્યારે પરિવારના બે અન્ય જણને ગંભીર ઇજા પહોંચી હતી. કોલસો ભરેલા ટ્રકનું સંતુલન ખોરવાતાં આ અકસ્માત સર્જાયો હતો.

જયારે વલસાડના પારનેરા પારડી હાઇવે પર ચંદ્રમૌલેશ્વર મંદિર પાસે થયેલ અન્ય એક અકસ્માતમાં, હાઇવે પરથી પસાર થતાં ટેમ્પો ચાલકે અચાનક બ્રેક મારતાં પાછળ આવતી ઇકો કારે પણ બ્રેક મારી અને તે ટેમ્પો સાથે અથડાતાં બચી ગઇ હતી પરંતુ કારની પાછળ આવતી ટ્રક સાથે અથડાઇ જતાં અકસ્માત સર્જાયો હતો. ટેમ્પો અને ટ્રકની વચ્ચે કાર ચગદાઇ ગઇ હતી , જો કે, પોલીસે સ્થાનિક લોકો તેમજ ક્રેનની મદદથી કાર ચાલકને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો પરન્તુ ગંભીર ઇજાનાં કારણે ચાલકનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું.

જ્યારે ભરૂચ જિલ્લાના ઝગડિયા તાલુકાના ભાલોદ તરસાલી ખાતે એક મકાનમાં એકાએક આગ લાગતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ વધવાથી શોર્ટ સર્કિટનાં કારણે ઘરમાં રહેલાં 9 સભ્યો આગની ચપેટમાં ફસાઇ ગયા હતા. ગ્રામજનો દ્વારા સમય સૂચકતા સાચવી 108 એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી જેનાં કારણે સૌને હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યાં હતાં.

સારવાર દરમિયાન એક મહિલાનું મોત થયાનાં સમાચાર છે.